## પ્ર ક ર ણ (૧)

### ભરતમુનિ અને નાટ્યશાસ્ત્રનું કર્તૃત્વ

પરંપરાગત દંતકથા પ્રમાણે, સંસ્કૃત નાટયશાસ્ત્ર તથા સંસ્કૃત નાટકોના આદ્ય પ્રવર્તક ભરતમુનિ ગણાય છે. તેમના નામે ચઢેલો ગ્રંથ નાટ્યશાસ્ત્ર એ ભારતીય નાટયવિદ્યા તેમજ તેની આનુષંગિક કળાઓને લગતા ઉપલબ્ધ ગ્રંથોમાં જુનામાં જુનો વિશદ અને પ્રમાણભુત ગ્રંથ છે. તેમાં નાટ્યના સાહિત્યિક ( Literary ) તેમજ રંગમંચીય (performing ) પાસાઓની વિગતવાર છણાવટ થઇ છે. નાટયનાં બધાંજ અંગ: નૃત્ત, રસ, અલંકાર, છંદ, ગેય ધ્રુવાઓ, નાટ્યમાં પ્રયોજવાની વિવિધ ભાષાઓ, રાગજાતિઓ, વાદ્યપ્રકારો, અનેક પ્રકારનાં રુપક - આ બધાનો પુરી ઝીણવટથી નાટયશાસ્ત્રમાં વિચાર કરવામાં આવ્યો હોવાથી શ્રી કે.કા.શાસ્ત્રી[1] તેને નાટયવિદ્યાનો 'સર્વસંગ્રહ' કહે છે જે સર્વથા ઉચિત છે. નાટયશાસ્ત્ર એ શાસ્ત્ર પણ છે અને વિધિ પણ. અભિનવગુપ્ત તેને કવિ (નાટયલેખક) તેમજ પ્રયોક્તા (અભિનેતા વિગેરે) બંને માટે ઉપદેશપ્રદ ગ્રંથ હોવાનું જણાવે છે.[૨]

પરંપરા પ્રમાણે ભરતમુનિ નાટયશાસ્ત્રના કર્તા ગણાય છે. ભરતમુનિ એ કોઇ દંતકથાપુરુષ છે કે પછી ઐતિહાસિક વ્યક્તિ; ભરત એ વ્યક્તિવિશેષ નામ છે કે પછી જાતિનામ ; નાટયશાસ્ત્રના કર્તા એક છે કે અનેક એ અંગે વિદ્વાનોએ સારો એવો ઉહાપોહ કર્યો છે અને વિવિધ મંતવ્યો રજુ કર્યાં છે.

'ભરતમુનિ અને નાટયશાસ્ત્રનું કર્તૃત્વ' એ સંબંધી ચર્ચા કરતી વેળા આ મંતવ્યોની ફેરતપાસ અપ્રસ્તુત નહીં બની રહે.

### વૈદિક વાઙ્મયમાં ભરતનો ઉલ્લેખ

સંહિતાકાળથી બ્રાહ્મણકાળ પર્યંતના વિશાળ વૈદિક વાઙ્મયમાં, ભરતનો ઉલ્લેખ, એક પ્રસિધ્ધ વૈદિક ભારતીય આર્ય જાતિ રુપે થયેલો છે. વળી વેદોમાં મંત્રદૃષ્ટા ઋષિરુપે ક્યારેક આખી વંશાવલિનો ઉલ્લેખ મળી આવે છે. ઋગ્વેદના સાતમાં મંડળમાં,

- -

મંત્રદૃષ્ટા ઋષિ વસિષ્ઠોની વંશપરંપરા છે, એના આધારે શ્રી સુરેન્દ્રનાથ દીક્ષિત[3], મંત્રદૃષ્ટા ઋષિઓની જેમ ભરત 'ભરત જાતિના' હોય, જેમણે નટસૂત્રોની રચના કરી હોય તથા જેમની ખ્યાતિ નટ-સૂત્રો રુપે પાણિનિ કાળ સુધી જીવંત રહી હોય અને તે નટસૂત્રોમાંથી નાટ્યશાસ્ત્રનો વિકાસ થયો હોય તથા તેના પ્રણયનનું શ્રેય ભરતોને આપવામાં આવ્યું હોય, તેવી કલ્પના કરે છે. શ્રી જી.કે.ભટ[4] પણ ભરત, વ્યાસ અને મનુની જેમ એક પ્રતિકાત્મક વ્યક્તિ હોવાનું અને નાટ્યશાસ્ત્રનો વિકાસ નટસૂત્રોમાંથી સંવર્ધન અને ઉમેરણની પ્રક્રિયાથી થયો હોવાનું તેમજ આ નવા વિકસિત સ્વરુપથી પરિણમેલા ગ્રંથના કર્તા તરીકે ભરતનું નામ ગૌરવ તેમજ પ્રમાણભૂતતા આપવા અપાયું હોય તેવો તર્ક પ્રસ્તુત કરે છે. શ્રી વાચસ્પતિ ગૈરોલા[5], વૈદિક યુગમાં કૃશાશ્વ અને શિલાલિ દ્વારા જે ભિક્ષુસૂત્રો અને નટસૂત્રોનું નિર્માણ થયું તેમાં નટસૂત્રોના નિર્માતા શિલાલીની જે શાખા, પરંપરાથી આગળ વધી તેને પાછળથી ભરત સંજ્ઞા આપવામાં આવી હોવાનું જણાવે છે. શ્રી આદ્ય રંગાચાર્ય[6] પણ ભરત, વૈદિક જાતિમાંથી ઉતરી આવેલા કુળનું નામ હોવાનું સ્વીકારે છે. ડો. રવિશંકર નાગર[7] ભરત સંજ્ઞા, મનુ અને વ્યાસની જેમ નાટ્યવિદ્યા અંગે પૂર્વસૂરિઓએ કરેલી નાટય વિચારણાનું સંવર્ધન તેમજ સંમાર્જન કરી તેને વ્યવસ્થિત રુપ આપનાર આખા વર્ગનું પ્રતિનિધિત્વ કરતો હોવાનું જણાવે છે. ડો. રાઘવન પણ ભરતનો સંબંધ વૈદિક જાતિ સાથે જોડે છે.

ઉપરોક્ત મંતવ્યો પરથી બે મુદ્દા ફલિત થાય છે.

(૧) ભરત એ કોઇ વ્યક્તિ વિશેષનું નામ નહીં પણ એક કુળ, સંપ્રદાય, પરંપરા અથવા વંશાવલિનું નામ છે.

(૨) તેનો સંબંધ વૈદિક ભારતીય આર્ય કુળની જાતિ સાથે છે.

ડો. ઘોષ અને શ્રી શેખર[8]ના મત પ્રમાણે ભરત, આર્યકુળની વૈદિક જાતિના નહીં પણ અનાર્ય કુળના હતાં. શ્રી મનમોહન ઘોષ, ના.શા.ના ચોથા અધ્યાયમાં, અનાર્યોના માનીતા દેવ શિવની સ્તુતિ તેમજ નાટયની ઉત્પત્તિમાં તેમના ફાળાનાં

મહિમાને આધારે આર્યો પૂર્વે, નાટ્યની રચના થઇ હોવાનું જણાવે છે. જ્યારે શ્રી શેખરના મતે ભરતમુનિએ 'નાટ્યશાસ્ત્ર' ને, તેમાં રહેલા અનુ-આર્ય તત્વોને પ્રગટ કર્યા વિના, આર્યો ધ્વારા સ્વીકૃત સ્વરુપ આપવા માટે તેનો નાટ્યની દૈવો ઉત્પત્તિ, તથા ચાર વેદો સાથે સંબંધ જોડો તેને પંચમવેદ કહેવો પડયો અને આર્યોના દેવોને સંતુષ્ટ કરવા માટે તેમાં એ દેવોને પ્રિય અંગોનો નાટ્યમાં સમાવેશ કરવો પડયો. અનાર્ય જાતિના નટો અને કલાકારો માટે માર્ગ મોકળો કરવા નાટ્યવેદને 'સાર્વવર્ણિક' જણાવવો પડયો તેમજ અનાર્યોનો કોપ શાંત કરવા માટે, તેમના પ્રિય દેવ શિવને, નાટ્યની સાથે સાંકળવા પડયા. આર્યોના ધર્મગુરુઓને નાટ્યની બિનહાનિકારકતા ઠસાવવા માટે બધા રુપકોમાં દેવકર્મોની સ્તુતિ કરવી પડી. ભરતે જ્યારે નાટ્ય પ્રયોગ કર્યો ત્યારે સ્ત્રી ભુમિકાઓ માટે તેમણે શુદ્ર જાતિની તેમજ અનાર્ય કુળની કેટલીક નીચી જાતિની સ્ત્રીઓનો આશરો લેવો પડયો. દેવોની ખુશામત અને તેમની કૃપાદૃષ્ટિ મેળવવાનો મથામણ, નાટયની દૈવી ઉત્પત્તિ તથા તેનું નાટ્યવેદ નામ અને શિવસ્તુતિનું ઉમેરણ-આટલાં મુદ્દાઓને આધારે શ્રી શેખર, ભરતમુનિ અનાર્યકુળના સંગીત નૃત્ય નાટય જેવી લલિત કળાઓ પર જીવનાર, મૂળે દક્ષિણ ભારતીય એવા કલાકારોના વંશજ હોવાનો મત પ્રગટ કરે છે. શ્રી એમ. ક્રિસ્ટોફર બિસ્કી[10] શ્રી શેખરના ભરતમુનિ અનાર્યકુળના વંશજ હોવાના મત સાથે સહમત થતા નથી. શ્રી ઘોષ અને શ્રી શેખર, નાટયશાસ્ત્રમાં પૌરાણિક ઢબે આપવામાં આવેલી નાટયોત્પત્તિની કથાને શુદ્રો અથવા અનાર્યોનો, આર્યો 'નાટ્ય' ને માન્યતા આપે તે માટેની અપવિત્ર છતાંય પ્રશંસાપાત્ર એવી દુષ્ટ પ્રવૃત્તિને ઢાંકવાના પ્રયાસ રુપે જુએ છે, તે સામે શ્રી બિસ્કી વાંધો પ્રગટ કરે છે. તેમના મતે નાટયશાસ્ત્રમાં આવો કોઇ અણસાર મળતો નથી. અલબત્ત, છેલ્લા અધ્યાયમાં, નટોએ સામાજિક માન્યતા મેળવવા માટે કરવા પડેલા પ્રયત્નની ઝાંખી અવશ્ય થાય છે પણ તે કથાને નાટ્યોત્પત્તિના

કથા સાથે સાંકળી ન શકાય. તેને એકજ કથાના બે અંશ ન ગણી શકાય. તે માટેના પ્રમાણો નાટ્યશાસ્ત્રમાં મળી આવે છે. નાટ્યોત્પત્તિની કથામાંજ, નાટ્યનો પ્રયોગ કરવાની જવાબદારી, ખુદ ઇંદ્રએ, મનુષ્ય એવા ભરતમુનિને, તેમના સો પુત્રોની મદદ વડે અદા કરવાની આજ્ઞા કરી હોવાના ઉલ્લેખ પરથીજ સ્પષ્ટ થઇ જાય છે કે, નાટ્યોત્પત્તિની કથાના સમયેજ નાટ્યનું અવતરણ જમ્બુદ્વીપમાં - મનુષ્યલોકમાં થઇ ગયું હતું. તે દૃષ્ટિએ છેલ્લા અધ્યાયમાં આવતી કથા નહુષ, કે જે અનાર્યકુળના હતાં તેમના પ્રયત્નથી નાટ્યની પૃથ્વી પર અવતારણા થઇ - તાર્કિક લાગતી નથી. ઉપરાંત આ કથામાં નટો બ્રાહ્મણ ગણાયા હોવાનું જણાય છે. પ્રથમ અધ્યાયમાં આવતા બનાવો, છેલ્લા અધ્યાયમાં બનતા બનાવો કરતા પહેલાં બન્યા છે અને નટોની સ્થિતિને વૈદિક [૧] રથકારો સાથે સરખાવી શકાય કે જેઓ શરુઆતમાં બ્રાહ્મણ હતાં અને પાછળથી શુદ્રો બન્યાં એવો શ્રી બિસ્કીનો આ સંદર્ભમાં મત હોવાનું જણાય છે. આર્યો નાટ્ય થી અજાણ હતાં એવા શ્રી શેખરના મત સાથે પણ શ્રી બિસ્કી સહમત થતા નથી. શ્રી ઘોષ અને શ્રી શેખર, નાટ્યકાળમ અનાર્યોની કળા હોવાથી તેને આર્યત્વ આપવાનો પ્રયત્ન કરવો પડયો એવો જે ઉલ્લેખ કરે છે તે બિસ્કીને સ્વીકાર્ય નથી. નાટ્યશાસ્ત્રના ચોથા અધ્યાયમાં નાટ્યનો સંબંધ શિવની સાથે જોડવામાં આવ્યો છે તેને આધારે નાટ્યશાસ્ત્રમાં અનાર્ય તત્વો હોવાનું આ વિધ્વાનો માને છે, તેનો પણ શ્રી બિસ્કી સ્વીકાર કરતા નથી. તેમના મતે આ અધ્યાયમાં કર્તાએ કયાંય અનાર્ય તત્વનો ઢાંકવા માટે પ્રયત્ન કર્યો હોય તેમ જણાતું નથી. શિવ, નાટ્યમાં સૌન્દર્યની વૃધ્ધિ માટે અંગહારોનો સમાવેશ કરવાનું જણાવે છે તેનો બ્રહ્મા આનાકાની કર્યા વિના સહર્ષ સ્વીકાર કરે છે. વૈદિક સાહિત્યમાં નાટ્યના તત્વો મળી આવે છે એટલે આર્યો નાટ્યકળાથી અજાણ હતાં તે માની ના શકાય. નાટ્યને દૈવી ઉત્પત્તિ સાથે સાંકળવાની

પરંપરા હતી. ભરતે માત્ર એ પરંપરાનું અનુસરણ કર્યું છે., વિશેષ નહી. વાલ્મિકી પણ રામાયણની શરુઆતમાં બ્રહ્માની કથા કરે છે. કદાચ તેમની કથા પણ પૂર્ણપણે આર્યત્વ ધરાવતી ન હોય ! શ્રી બ્રિસ્કર્ટ જણાવે છે તેમ, શ્રી ઘોષ અને શ્રી શેખરની એ માન્યતા સાવ ખોટી છે કે અનાર્યો હારવા છતાં પોતાનું વ્યક્તિત્વ જાળવી રાખવા સજાગપણે પ્રયત્નશીલ રહ્યા પણ પોતાનું ગૌરવ ગુમાવી બેઠા અને છલના અને ખુશામતખોરીનો આશરો લઇ તેમને પોતાની જાત અને પોતાની સંસ્કૃતિને ચોરીછુપીથી આર્યો સાથે ભેળવવાનો પ્રયત્ન કરવો પડયો. શ્રી બ્રિસ્કર્ટના મતે મોહેન-જો-દરો અને હરપ્પામાં અનાર્યોનો ઉપલો વર્ગ મહદ્ અંશે લુપ્ત થઇ ગયો. બાકી રહ્યા તે તો સામાન્ય કોટિના હતાં. ઇતિહાસમાં બનતું આવ્યું છે કે વિજેતા જાતિ, પરાજિત જાતિની સંસ્કૃતિના આકર્ષક અંશોને પોતાની સંસ્કૃતિમાં ભેળવી દે છે તે પ્રમાણે આર્યોએ પણ અનાર્યોના આગવા નૃત્યને અપનાવી લીધું હોય. શિવની કથાનું આજ અર્થઘટન હોઇ શકે એમ શ્રી બ્રિસ્કર્ટ માને છે અને ભરતમુનિ અનાર્યકુળના વંશજ હોવાનો અસ્વીકાર કરે છે.

## મહાકાવ્યો તેમજ પુરાણોમાં ભરતના ઉલ્લેખો

રામાયણમાં ભગવાન રામચંદ્રના ભાઇ ભરતનો ઉલ્લેખ મળે છે. આ ઉપરાંત મહાભારતમાં દુષ્યન્ત પુત્ર ભરતનો ઉલ્લેખ છે જેણે આર્યાવર્તને ભારતવર્ષ નામ આપ્યું. તે સિવાય માન્ધાતાના પ્રપૌત્ર ભરત તથા જડ ભરતના ઉલ્લેખો પણ પુરાણોમાં મળી આવે છે. પણ શ્રી બાબુલાલ શુકલ શાસ્ત્રી[10] જણાવે છે તેમ આ બધાનો કોઇ રાજવંશથી સંબંધ હોવાને લીધે અથવા અન્ય કારણોથી તેમનો ઉલ્લેખ થયો હોવાથી તેઓ નાટ્યશાસ્ત્રના લેખક ભરત હોઇ ના શકે.

મત્સ્યપુરાણ (૩૪, ૨૮, ૩૦) ના અપવાદ સિવાય પુરાણોમાં નાટ્યશાસ્ત્ર

-વેત્તા ભરતનું નામ જોવા મળતું નથી. મહાકાવ્યો તેમજ પુરાણો તે અંગે મૌન સેવે છે. તેના આધારે શ્રી મનમોહન ઘોષ[૧૧] ભરતમુનિ એ કોઇ કાલ્પનિક વ્યકિત હોવાનું જણાવે છે. શ્રી પ્રમોદ કાલે[૧૨] પણ તેમના મંતવ્યના આધારે ભરતમુનિ ઐતિહાસિક વ્યકિત હોવાનું નકારે છે. શ્રી બાબુલાલ શુકલ શાસ્ત્રી, પુરાણોમાં નાટ્યશાસ્ત્રના કર્તા ભરતમુનિનો ઉલ્લેખ નથી તેથી તેમને કલ્પિત વ્યકિત માનવા એ વ્યાજબી ગણતાં નથી.

## નાટયશાસ્ત્રમાં ભરતના ઉલ્લેખો

નાટયશાસ્ત્ર અનુસાર ભરતમુનિ એ બ્રહ્મા પાસેથી નાટયવેદ મેળવ્યો અને પોતાના સો પુત્રોને નાટયવેદનું શિક્ષણ આપ્યું.[13] ભરતમુનિએ સ્વયં મહેન્દ્ર વિજય(નાટક), ત્રિપુરદાહ (ડિમ) તથા અમૃતમંથન (સમવકાર) નામના રુપકોનો પ્રયોગ વિવિધ અવસરે કર્યો.[૧૪] આ ઉપરાંત પ્રેક્ષકગૃહની રચનાના સંદર્ભમાં પણ ભરતમુનિને અધિક શ્રેય આપવામાં આવ્યું.[૧૫] નહુષ રાજાની પ્રાર્થનાથી તેમજ ભરતમુનિના આદેશથી દેવતાઓથી અભિશપ્ત ભરતપુત્રો મનુભૂમિ પર આવ્યા અને ત્યાં નાટ્યનો પ્રયોગ કર્યો ત્યારે તેમને શાપમાંથી મુકિત મળી.[૧૬] આ સર્વ સંદર્ભોમાં ભરત માટે એકવચનાન્ત (ભરતમ્) શબ્દ પ્રયોજાયો છે. નાટ્યશાસ્ત્રમાં આમ નાટ્યવિદ્યાના પ્રવર્તક ભરતમુનિ એક વિશિષ્ટ વ્યકિત રુપે ઉપસી આવે છે. નાટ્યશાસ્ત્રના અનુગામી નાટ્યશાસ્ત્રીય ગ્રંથોમાં તેમજ વિભિન્ન નાટકોમાં નાટ્યશાસ્ત્રના પ્રણેતા તરીકે ભરતમુનિનો ઉલ્લેખ મળી આવે છે તેને આધારે શ્રી બાબુલાલ શુકલ શાસ્ત્રી[૧૭] શ્રી કે.એમ.વર્મા[૧૮], વિગેરે વિધ્વાનો ભરતમુનિ જ નાટ્યશાસ્ત્રના કર્તા હોવાનું તેમજ ભરત કોઇ કુળ કે સંપ્રદાયનું નામ નહીં પણ એક વિશિષ્ટ ઐતિહાસિક વ્યકિતનું નામ હોવાનું ભારપૂર્વક જણાવે છે.

નાટ્યશાસ્ત્રના ૩૬ માં અધ્યાયમાં 'ભરત' શબ્દનો બહુવચનાન્ત પ્રયોગ (ભરતાનામ્) સૂત્રધાર, નાટયકાર, માલાકાર, આભરણકૃત વિ. માટે તેમજ અન્યત્ર નટ માટે પણ થયો છે, એટલે કેટલાક અનુગામી આચાર્યો તેમજ આધુનિક વિવેચકો 'ભરત' જાતિવાચક સંજ્ઞા હોવાની શંકા વ્યક્ત કરે છે. અમરકોશ આદિ ગ્રંથોમાં નટ, કુશીલવ તથા ભરત સમાનાર્થક શબ્દો માનવામાં આવ્યા છે. એટલે ભરતનો અર્થ નટ અથવા અભિનેતા છે. નટ થી સંબંધિત હોવાને લીધે ગ્રન્થનું નામ નાટ્યશાસ્ત્ર છે અને તેના રચયિતા ભરતો અર્થાત વિભિન્ન નટો છે એમ આ વિધ્વાનોનો મત છે. આ વિધ્વાનો એવો પણ દલીલ કરે છે કે જેમ પુરાણોના રચયિતા વ્યાસ એ કોઇ એક વ્યક્તિ નહિ પણ વ્યાસની ઉપાધિ ધરાવનાર અનેક વ્યક્તિઓ છે તેમ નાટ્યશાસ્ત્રના રચયિતા ભરત કોઇ એક વ્યક્તિ નહીં પણ અનેક ભરતો હશે.[૧૯] શ્રી મનમોહન ઘોષના મત પ્રમાણે ભરત શબ્દ કે જેનો મૂળભુત અર્થ નટ થતો હતો તે નાટ્યશાસ્ત્ર અથવા ભરતશાસ્ત્રના કર્તાનો પર્યાય બની ગયો.[૨૦]

તેમનું કહેવું છે કે પ્રારંભમાં ભરતવંશની વીરતાનું ગાન કરનારાઓ પણ ભરત કહેવાતા હશે. આ લોકો ભારત (મહાભારત) ની ગીતિયોનું ગાન કરતાં હશે. સંભવ છે કે આ કારણથી તેઓ ભરત કહેવાયા હોય. દા.ત. ભરથરી (ભર્તૃહરિ) નું ચરિત્રગાન કરનારા સ્વયં ભરથરીના નામથી ઓળખાવા લાગ્યા તેમ ભરતવંશનું ગાન કરનારા ભરત કહેવાયા. તેમનું એવું પણ કથન છે કે 'ગીતિયો' માંથીજ રુપકોનો જન્મ થયો અને આમ ભરત શબ્દ અભિનેતાઓ માટે યોજાવા લાગ્યો. એટલે તેમના મતે ભરત કોઇ વ્યક્તિ વિશેષ નામ નહીં પણ જાતિવાચક શબ્દ છે. સ્વયં નાટ્યશાસ્ત્રમાં પણ ભરત શબ્દનો પ્રયોગ અભિનેતા અથવા નાટ્યમંડળીના નેતા રુપે થયો છે.[૨૧] અહીં પણ તેનો પ્રયોગ જાતિ વાચક રુપે થયેલો છે. ભરત શબ્દનો અર્થ તેઓ આ સંદર્ભમાં એવો કરે છે કે અનેક પ્રકારની ભૂમિકાઓ ગ્રહણ કરી તથા વિવિધ વાદ્યો વગાડી ધુરી સમાન નાટકને ધારણ કરવાને લીધે તેઓ ભરત કહેવાય છે.[૨૨]

શ્રી સુરેન્દ્રનાથ દીક્ષિત પણ, વેદોમાં ભરણાર્થક ભૃ ધાતુથી વ્યુત્પન્ન ભરત શબ્દ અગ્નિ તથા મરુતના વિશેષણરુપે વપરાયો હોવાનું તેમજ યાજ્ઞવલ્કય સ્મૃતિ અને તેના અનુગામી ગ્રંથોમાં નાટ્યપ્રયોકતા માટે ભરત શબ્દનો પ્રયોગ કરવાની પરંપરા હોવાનું પ્રમાણ આગળ ધરી, સુત્રધાર, નટ તથા રંગકર્મીઓ, નાટયપ્રયોગને ધારણ અને તેનું ભરણ કરતાં હોવાથી ભરત કહેવાયા તેવો તર્ક રજુ કરે છે.[૨૩]

શ્રી કે.એમ.વર્મા નાટયશાસ્ત્રમાં ભરત શબ્દનો પ્રયોગ નટના અર્થમાં પ્રયોજાયો હોવાની શકયતાનો અસ્વીકાર કરે છે. તેમના મતે નાટયશાસ્ત્રના પુરોગામી ગ્રંથોમાં નટના અર્થમાં ભરત શબ્દ પ્રયોજાયો જોવા મળતો નથી. નટના સમાનાર્થી શબ્દ તરીકે ભરત શબ્દનો પ્રયોગ પાંચમા સૈકાના અરસામાં રુઢ થયો તે પહેલાં નહીં, એટલે, અને, સુત્રધાર, આભરણકાર વિગેરે અર્થમાં ભરત શબ્દનો પ્રયોગ છેક છેલ્લા અધ્યાયમાં થયો છે જે વસ્તુત: પાછળથી ઉમેરાયેલો અધ્યાય છે એટલે તેઓ 'ભકત' શબ્દ નટના અર્થમાં પ્રયોજાયો હોવાની શકયતાનો અસ્વીકાર કરે છે અને નાટ્યશાસ્ત્રના કર્તા તરીકે અન્ય કોઇનું નામ કયાંય મળતું ન હોવાથી ભરતમુનિજ નાટ્યશાસ્ત્રના કર્તા હોવાનું તેમજ તે ઐતિહાસિક વ્યકિત હોવાનું અને તેમના સંપ્રદાયને અનુસરનારા નટો પાછળથી ભરતો કહેવાયા હોવાનું જણાવે છે.[૨૪] શ્રી આદ્ય રંગાચાર્ય પણ ભરત શબ્દનો પ્રયોગ સુત્રધાર અર્થાત નાટ્યવ્યવસ્થાપકના અર્થમાં પ્રયોજાયો છે એવું જણાવે છે. ભરત અને તેનું કુટુંબ, નટ નહીં પણ નાટયપ્રયોગનું નિર્માણ કરનાર તેમજ તેની વ્યવસ્થા કરનારા હતાં એમ જણાવી તેઓ પ્રમાણ તરીકે 'વેણીસંહાર' અને 'પ્રસન્ન રાઘવ' નાટકોમાં સુત્રધાર 'ભરત' નામથી સંબોધાયા હોવાનું સૂચવે છે. ભરત એ ભરત નામની વૈદિક જાતિમાંથી ઉતરી આવેલા કુળના સભ્યોનું નામ હોવાની શકયતા સ્વીકારી તેઓ આ સભ્યો નાટ્યપ્રયોગના પ્રથમ પ્રણેતા ( sponsor ) અને સુત્રધાર ( manager ) હતાં એવી દલીલ કરે છે. કાં તો આ ભરતકુળની વંશાવલિ લુપ્ત થઇ ગઇ અથવા તો પછી તેને કુટુંબ તરીકેની માન્યતા અપાવી રદ થઇ એટલે થોડા સમય પછી નાટ્યપ્રયોગ

માટે નાણાંનો જોગવાઇ કરનાર પ્રણેતા ( Sponsor ) અને તેના માટેની વ્યવસ્થા કરનાર અથવા નાટયનિર્માણમાં ભાગ લેનાર કોઇ પણ વ્યકિત અથવા દરેક વ્યકિત 'ભરત' ના નામથી ઓળખાવા લાગી એવું શ્રી રંગાચાર્યનું મંતવ્ય છે.[૨૫]

નાટ્યશાસ્ત્રમાં ભરત શબ્દનો વિવિધ અર્થમાં પ્રયોગ તેમજ તત્સંબંધી વિદ્વાનોની વિચારણાં પરથી બે મુદ્દા ફલિત થાય છે.

(૧) નાટયવેદ ગ્રહણ કરનાર તેમજ તેનું શિક્ષણ આપનાર, નાટયમંડળના પ્રવર્તક, રુપકોના પ્રયોકતા ભરતમુનિ એક વિશિષ્ટ વ્યકિત છે જેનો પ્રભાવ સમગ્ર નાટયશાસ્ત્રમાં વર્તાય છે.

(૨) આ વિશિષ્ટ વ્યકિત ઉપરાંત નાટયપ્રયોકતાઓ પણ છે જેમને, તેઓ નાટયપ્રયોગને ધારણ તેમજ તેનું ભરણ પોષણ કરતાં હોવાથી વંશપરંપરાગત ભરત સંજ્ઞા આપવામાં આવી છે.

## વિવિધ નાટકોમાં ભરતના ઉલ્લેખો

નાટયશાસ્ત્રના અનુગામી નાટકો તેમજ નાટયશાસ્ત્રીય ગ્રંથોમાં ભરતમુનિનો ઉલ્લેખ નાટયાચાર્ય, નાટયપ્રણેતા તથા નાટયશાસ્ત્રકાર રુપે થયેલો છે. જેના આધારે વિધ્વાનો નાટયશાસ્ત્રના કર્તા તરીકે ભરતમુનિનો અસંદિગ્ધપણે સ્વીકાર કરે છે.

કાલિદાસના વિક્રમોર્વશી નાટકમાં ભરતમુનિએ સ્વર્ગલોકમાં આઠ રસો પર આધારિત 'લક્ષ્મી સ્વયંવર' નાટયનો પ્રયોગ કર્યો હોવાનો સ્પષ્ટ ઉલ્લેખ છે.[૨૬] માલવિકાગ્નિમિત્રમ્ નાટકના વિશ્લેષણથી તે નાટક નાટયશાસ્ત્રમાં નિર્દિષ્ટ નાટયવિધિઓનું પ્રયોગ સ્થળ હોવાનું સિધ્ધ થાય છે.[૨૭] આમ કાલિદાસ, ભરતમુનિને નાટયાચાર્ય તેમજ નાટયશાસ્ત્ર પ્રણેતા બંને રુપે ઓળખતા હોવાનું સ્પષ્ટ થાય છે.

નાટ્યકાર ભવભૂતિએ પણ 'ઉત્તરરામચરિત' નાટકમાં નાટ્યમાં નાટ્ય play within play ની કલ્પના કરી ભરતમુનિનું 'તૌર્યત્રિક સૂત્રધાર' રુપે સ્મરણ કર્યું છે.[૨૮]

દામોદર ગુપ્ત રચિત 'કુટ્ટનીમત' માં ભરતમુનિનો ઉલ્લેખ નાટ્યાચાર્ય રુપે થયેલો છે. એટલુંજ નહિ તેમાં હર્ષ રચિત 'રત્નાવલી' નાટ્યપ્રયોગનું યથાવત્ કાવ્યવિવરણ આપતી વેળા ભરતમુનિનું સ્મરણ કરે છે.[૨૯]

વસ્તુતઃ કાલિદાસના અનુગામી બધાજ નાટ્યકારોએ ભરતમુનિ તથા તેમના નાટ્યશાસ્ત્ર થી પોતાનો પ્રત્યક્ષ પરિચય પ્રગટ કર્યો છે, જેના આધારે કેટલાક વિદ્વાનો ભરતમુનિના ઐતહાસિક અસ્તિત્વ તથા વિશિષ્ટ વ્યકિતત્વનો સ્વીકાર કરે છે.

## નાટ્યશાસ્ત્રના કર્તૃત્વ વિશે અભિનવગુપ્તનો મત

નાટ્યશાસ્ત્રનો સમગ્ર વિસ્તાર,ભરતમુનિ અને તેની પાસે પ્રશ્ન કરવા આવેલા મુનિઓના સંવાદ-રુપમાં થયેલો છે. અભિનવગુપ્તના સમયમાં એવો પ્રતીવાદ ઉભો થયેલો કે નાટ્યશાસ્ત્રના પ્રથમ અધ્યાયના આરંભમાં પ્રથમ ૬ કારિકાઓ છે તે અને સમગ્ર ગ્રંથમાં જ્યાં જ્યાં મુનિઓના પ્રશ્ન છે અને એના જવાબમાં પ્રયોજન આપવામાં આવેલા છે તેટલો ભાગ ભરતમુનિએ નહીં પણ તેમના કોઇ શિષ્યે રચેલો છે.અભિનવગુપ્ત આ મતનું ખંડન કરતાં જણાવે છે કે ભરતમુનિએ પોતાની જાતને અન્ય વ્યકિત-તૃતીય પુરુષ- કલ્પી આ કારિકાઓની રચના કરી છે. પ્રશ્ન-પ્રતિવચન અથવા પૂર્વપક્ષ તથા ઉત્તરપક્ષ (એકજ ગ્રંથકારના ગ્રંથમાં) વાદપધ્ધતિમાં ગ્રંથકાર પોતાને માટે તૃતીય પુરુષ વાપરી શકે છે. ગ્રંથકાર પોતેજ પ્રશ્ન પુછે અને પોતેજ તેનો જવાબ આપે એવી યોજના એક વ્યકિત દ્વારા રચાયેલા ગ્રંથો-શ્રુતિ, સ્મૃતિ, વ્યાકરણ, તર્કશાસ્ત્રમાં પણ જોવા મળે છે. એટલે પ્રથમ ૬ કારિકાઓ અને અન્યત્ર જ્યાં જ્યાં પ્રશ્નો પુછાયા છે તે સઘળો ભાગ ભરતમુનિએ જ રચેલો છે.[૩૦]

## સદાશિવ, બ્રહ્મ અને ભરત નાટયશાસ્ત્ર પ્રણેતા

અભિનવગુપ્ત પોતાના કોઇ નાસ્તિક ગુરુનો એવો મત ટાંકે છે કે નાટયશાસ્ત્ર વસ્તુત: કોઇ સ્વતંત્ર ગ્રંથ નથી પણ કેવળ એક સંગ્રહ ગ્રંથ છે. તે નાસ્તિક ગુરુના મત પ્રમાણે આ ગ્રંથ (નાટ્યશાસ્ત્ર) શ્રી મુખ્યત્વે બ્રહ્મમતનું પ્રતિપાદન કરે છે અને જ્યાં જ્યાં સદાશિવમત અને ભરતનો પોતાનો મત સમર્થન માટે આપવામાં આવેલો છે તેને ખંડપ્રક્ષેપ કરી મુકવામાં આવ્યા છે. એમ આ ભરતમુનિની કૃતિ નથી; સદાશિવ, બ્રહ્મા તથા (વૃધ્ધ) ભરત આદિના નાટયશાસ્ત્ર વિષયક અનેક પૂર્વ પ્રચલિત ગ્રંથોના ખાસ ખાસ ભાગ સંકલિત કરી આ સંગ્રહાત્મક નાટયશાસ્ત્રની રચના થઇ છે. અભિનવગુપ્ત આ મતથી સહમત થતા નથી. તેમના મત પ્રમાણે નાટ્યશાસ્ત્ર સંગ્રહ ગ્રંથ નથી પણ સંપૂર્ણપણે ભરતમુનિ વિરચિત સ્વતંત્ર ગ્રંથ છે જે લોક પ્રસિધ્ધ છે. નાસ્તિક ગુરુનો મત સ્વીકારવા જતાં આ લોક પ્રસિધ્ધિને બાધ આવે છે એમ તેઓ જણાવે છે.[31] શ્રી અભિનવગુપ્ત તો નાટયશાસ્ત્ર ના કર્તા કેવળ ભરતમુનિ હોવાનું અને નાટયશાસ્ત્ર એકજ કર્તાની કૃતિ હોવાનું દૃઢપણ જણાવેછે, ને 'અબાધિત' શબ્દ તથા 'લોક પ્રસિધ્ધિ' ને તેના પ્રમાણ તરીકે રજુ કરે છે. શ્રી કે.એમ.વર્મા[32] આ સંદર્ભમાં શબ્દ નો અર્થ ધર્મ વાકય ( scriptural ) અને લોકપ્રસિધ્ધિનો અર્થ સર્વ સામાન્ય સ્વીકૃતિ ( universal acceptance ) ઘટાવે છે જે સૂચક છે.

અભિનવગુપ્ત સદાશિવ બ્રહ્મા અને ભરતના સંયુકત કર્તૃત્વવાળા પોતાના નાસ્તિક ગુરુના મતને સ્પષ્ટ અને અસંદિગ્ધપણે રદિયો આપતા હોવા છતાં કેટલાક વિધ્વાનો જાણે તે અભિનવગુપ્ત ધ્વારા સ્વીકૃત મત કે પછી તેમનો પોતાનો મત જણાવવાની ભુલ પણ કરે છે. શ્રી રામકૃષ્ણ કવિ[33] 'દ્વાદશસાહસ્ત્રી સંહિતા' - નાટયશાસ્ત્રનો ૧૨૦૦૦ શ્લોકવાળો વાચના - સદાશિવમતની હોવાનું અને તે પાર્વતી

અને શિવના સંવાદમાં હોવાનું જણાવી સદાશિવ અને બ્રહ્મમત એ બંને મતો બતાવનાર શાસ્ત્રગ્રંથોના ટુકડા મળતાં હોવાનો નિર્દેશ પણ કરે છે. શ્રી પી.એસ.આર.અપ્પારાવ,[34] સદાશિવ બ્રહ્મ અને ભરત નામના ત્રણ નાટય-વિદ્યાના પૂર્વાચાર્યો હોવાનો અને બ્રહ્માના નાટયસિદ્ધાંતોને લોકભોગ્ય બનાવવા માટે ભરતમુનિયે નાટયશાસ્ત્રનાં રચના કરી એવો અભિનવગુપ્તનો મત હોવાનું જણાવો સદાશિવના નાટયવિષયક ગ્રંથમાં ૩૬૦૦૦ શ્લોક, બ્રહ્માના નાટયવિષયક ગ્રંથમાં ૧૨૦૦૦ શ્લોક અને ભરતના ગ્રંથમાં ૬૦૦૦ શ્લોક હોવાનો તર્ક કરે છે.

## નાટયશાસ્ત્રીય ગ્રંથોમાં ભરતના ઉલ્લેખો

નાટ્યશાસ્ત્રના અનુગામી નાટયવિદ્યા વિષયક અને તેની આનુષંગિક કળાઓ વિષયક ગ્રંથોમાં નાટ્યશાસ્ત્ર તેમજ ભરતમુનિ નો ઉલ્લેખ મળી આવે છે એટલુંજ નહીં પણ આ ગ્રંથો પર નાટ્યશાસ્ત્રનો સ્પષ્ટ પ્રભાવ પણ વર્તાય છે.

### દશરુપક

દશરુપકમાં ધનંજય વંદન કરતી વેળા નાટ્યશાસ્ત્રના પ્રણેતા રુપે ભરતમુનિનુ સ્મરણ કરે છે. (દશરુપક ૧/૨) દશરુપક પર ભરતમુનિના નાટ્યશાસ્ત્રનો સ્પષ્ટ અસર વર્તાય છે.

### નાટયદર્પણ

રામચંદ્ર-ગુણચંદ્ર રચિત નાટયદર્પણમાં ભરતમુનિનું વિવરણ મુનિ તથા વૃધ્ધ મુનિ રુપે મળે છે. ભરતમુનિથી વિપરીત મતોનું ખંડન છે તથા સર્વ નાટ્ય-આચાર્યોમાં ભરતમુનિનો મત સર્વાધિક પ્રમાણભુત માનવામાં આવ્યો છે.

( ના.દ. પૃ. ૨૬, ૭૧, ૧૦૨, ૧૦૬ (ગા.ઓ.સી.))

### નાટક લક્ષણ રત્ન કોષ

સાગરનન્દી રચિત નાટક લક્ષણ રત્ન કોષ નાટયશાસ્ત્રના કેટલાક મહત્વના

વિષયોનું સંક્ષિપ્તીકરણ માત્ર છે. આ ગ્રંથમાં ભરતમુનિ તેમજ ભરતા-ચાર્યના નામથી અનેક શ્લોક ટાંકવામાં આવ્યા છે જે નાટયશાસ્ત્રની વર્તમાન આવૃત્તિમાં ઉપલબ્ધ નથી. (ના.કો. ૩૨, ૧૦, ૩૨, ૨૫-૨૮, ૧૯, ૨૮, ૧૨૩ )

## રસાર્ણવ સુધાકર

શિંગભૂપાલ રચિત 'રસાર્ણવસુધાકર'માં ભરતમુનિનો ઉલ્લેખ નાટયશાસ્ત્રના પ્રણેતા રુપે થયો છે અને આ કાર્યમાં તેમને પોતાના સો પુત્રોનો સહકાર મળ્યો હોવાનું ગ્રંથકાર નોંધે છે. (ર.સુ. પૃ ૮ / ૪૮૫૪ )

## સંગીતરત્નાકર

શાર્ઙ્ગદેવ રચિત સંગીતરત્નાકરમાં જે વિષયોની ચર્ચા કરવામાં આવી છે તે વિષયો નાટયશાસ્ત્રમાં જે ઉલ્લેખો મળી આવે છે તેને અનુરુપ છે. નાટયશાસ્ત્ર પ્રણેતા તેમજ નાટયપ્રયોક્તા રુપે ભરતમુનિથી ગ્રંથકર્તા પરિચિત હોવાનું સ્પષ્ટપણે જણાય છે. (સં.ર. ભા ૪ પૃ.૩ )

## ભાવપ્રકાશન

શારદાતનય કૃત ભાવપ્રકાશન માં ભરત એક વ્યક્તિ હોવા કરતાં ભરતાદિ અર્થાત ભરત જાતિ હોવાનો સંકેત મળે છે. આ ગ્રંથમાં ભરત તથા તેના માટે પ્રયોજવામાં આવેલ સર્વનામ શબ્દ બહુધા બહુવચનાન્ત છે. તૃતીય તેમજ દશમ અધિકારોમાં ભરત શબ્દનો બહુવચનાન્ત પ્રયોગ કમ સે કમ પચ્ચીસ વાર થયો છે. ભાવપ્રકાશનની પ્રસ્તાવનામાં ભરતના મતની ચર્ચા ન કરતાં, ગ્રંથકારે, ભરતના શિષ્યોના વિભિન્ન મતના અધ્યયનનો ઉલ્લેખ કર્યો છે. આના આધારે શ્રી સુરેન્દ્રનાથ દીક્ષિત[૩૫] એવું અનુમાન કરે છે કે પ્રાચીન આચાર્યોમાં એક એવી પરંપરા વિદ્યમાન હતી જે નાટયશાસ્ત્રના પ્રણયન નું શ્રેય એક ભરતને ન આપતા વ્યાસની જેમ ભરતાદિ પરંપરાને આપવું યોગ્ય સમજતી હતી જેનો પ્રભાવ શારદાતનય પર પડયો છે.

## આદિભરત, વૃધ્ધ ભરત અને ભરત

શારદાતનયના મત પ્રમાણે નાટયશાસ્ત્રના બે સંસ્કરણ છે.[36] નાટયવેદ અને નાટયશાસ્ત્ર. નાટયવેદમાં ૧૨ હજાર શ્લોક છે, દ્વાદસાહસ્ત્રી સંહિતા - અને નાટયશાસ્ત્રમાં ૬ હજાર શ્લોક છે - ષટ્સાહસ્ત્રી સંહિતા, ષટસાહસ્ત્રી એ દ્વાદશસાહસ્ત્રીનું સંક્ષિપ્ત સ્વરુપ છે. શારદાતનયનો એવો અભિપ્રાય છે કે નાટયવેદ્ તે આદિ ભરત અથવા કોઇ વૃધ્ધ ભરતની રચના છે અને નાટયશાસ્ત્ર ભરતની રચના છે. શારદાતનય રસ સંબંધી પોતાના વિચારો રજુ કરતાં વખતે વૃધ્ધ ભરતનો મત પણ ટાંકે છે. નાટયવેદ ધારણ કરવાથી નાટયપ્રયોકતા ભરત કહેવાયા અને તેમના નામના આધારે નાટયવેદ પણ ભરતના નામથી પ્રસિધ્ધ થયો જે ભારતવર્ષમાં મનુ દ્વારા (નહુષ દ્વારા નહીં) પ્રકાશિત થયો અને નાટયવેદના રચયિતા શિવ (બ્રહ્મા નહીં) હતાં એમ શારદાતનય જણાવે છે. બહુરુપમિશ્ર પણ દશરુપક ની ટીકામાં ષટસાહસ્ત્રી અને દ્વાદશસાહસ્ત્રીમાંથી અવતરણો ટાંકે છે. 'નાટય સર્વસ્વાં દીપિકા ' ગ્રંથ પણ આદિ ભારત (મુળ ભરત) નો ઉલ્લેખ કરે છે. ભરત અને આદિ ભરત એવાં નામોનો નિર્દેશ અભિજ્ઞાન શાકુંતલના સમર્થ ટીકાકાર રાઘવભટ્ટે પણ કર્યો છે. રાઘવ ભટ્ટે ૧૯ અવતરણ આદિ-ભરતમાંથી અને ૯ અવતરણ ભરતમાંથી ટાંકયા છે.

આ બધી સામગ્રીના આધારે કેટલાક આધુનિક વિદ્વાનો વૃધ્ધ ભરત હોવાનો સ્વીકાર કરે છે. ભાવપ્રકાશન માં વૃધ્ધ ભરતના ઉલ્લેખ પરત્વે સર્વ પ્રથમ ધ્યાન દોરનાર શ્રી રામકૃષ્ણ કવિ,[38] દ્વાદશ સાહસ્ત્રી સંહિતા અને ષટ્સાહસ્ત્રી સંહિતા આ બંને સંહિતાઓ, તે બંને કરતાં પણ પ્રાચીન એવા નાટયવેદ પર આધારિત હોવાનું અને તેમાં ૩૬૦૦૦ શ્લોક હોવાનું તેમજ તે બ્રહ્મા દવારા રચાયો હોવાનું મંતવ્ય પ્રગટ કરે છે. તેઓ પણ સદશસાહસ્ત્રીના કર્તા વૃધ્ધ ભરત અને ષટસાહસ્ત્રીના કર્તા ભરત હોવાનું જણાવે છે. તેના પ્રમાણ તરીકે યમલાષ્ટકયન્ત્ર ગ્રંથમાં ઉલ્લિખિત ૩૬૦૦૦ શ્લોકવાળા ગાંધર્વવેદને ટાંકે છે. શ્રી મનમોહન ઘોષ પણ ના.શા.ના અંગ્રેજી અનુવાદના પ્રથમ અધ્યાયના ૭ થી ૧૨

શ્લોકની પાદ્ટીપમાં નાટયવેદ ૩૬૦૦૦ શ્લોક ધરાવતો હોવાનો મત ટાંકે છે.

આચાર્ય વિશ્વેશ્વર[39] બંને સંહિતાઓમાં ભરત નામ મળી આવતું હોવાથી એટલે કે વૃધ્ધ ભરત અને ભરતમુનિ આ બંને નામોમાં ભરત શબ્દનો ઉલ્લેખ થતો હોવાથી ભરત એ વ્યકિતવાચક નહીં જાતિ વાચક સંજ્ઞા હોવાનું જણાવે છે. શ્રી સુરેન્દ્રનાથ દીક્ષિત[40] ષટસાહસ્ત્રી સંહિતાના કર્તા ભરતમુનિજ હોવાનું ભારપૂર્વક જણાવી નાટયશાસ્ત્રની રચના પૂર્વે પણ નાટયાચાર્યો હોવાનું અને તે વૃધ્ધ ભરત, જડ ભરત કે પછી આદિ ભરત હોવાની સંભાવના રજૂ કરે છે. ડો. રવિશંકર નાગર[41] પાણિનિ દ્વારા ઉલ્લિખિત નટસૂત્રોને આધારે એવું અનુમાન કરવા પ્રેરાય છે કે ભરત પુર્વે પણ આવું સુત્ર શૈલીનું કોઇ નાટયસાહિત્ય અવશ્ય હોવું જોઇએ જેની અભિનવગુપ્તને જાણ હોય પણ હાલ ઉપલબ્ધ ન હોય એટલે આદિભરત હોવાનું નકારી શકાય નહીં. આનુવંશ્ય શ્લોકોનું પ્રમાણ ટાંકી તેઓ જણાવે છે કે ભરત પૂર્વે પણ નાટ્યને લગતું સાહિત્ય હતું જે તેમણે વ્યવસ્થિત કરી આપ્યું. જો નાટયશાસ્ત્ર આપણને ઠેઠ ૧૮૬૫ માં જ્યારે Hall એ શોધી આપ્યું ત્યારે મળ્યું તો પછી આદિભરતે રચેલ કોઇ નાટ્યશાસ્ત્ર અસ્તિત્વ ધરાવતું નહોતું એમ નિ:શંકપણે કેવી રીતે કહી શકીએ ?[42]

કેટલાક આધુનિક વિદ્વાનો આદિભરત કે વૃધ્ધ ભરતની સંભાવના સ્વીકારતાં નથી અથવા તો પછી તેને નાટયશાસ્ત્ર પછીના કાળમાં પ્રવર્તમાન મત તરીકે ઓળખાવે છે. તેમના મતે ભરત અને વૃધ્ધ ભરત એવો ભેદ નાટયશાસ્ત્રની રચના થઇ તે પછીના કાળમાં પ્રચલિત થયો. આમાં શ્રી કે.એમ.વર્માનો મત મુખ્ય છે. તેઓ રામકૃષ્ણ કવિનો ૩૬૦૦૦ શ્લોકવાળો નાટયવેદ હોવાની સંભાવનાનો અસ્વીકાર કરે છે. કારણ જેના આધારે રામકૃષ્ણ કવિ નાટયવેદમાં ૩૬૦૦૦ શ્લોક હોવાનું જણાવે છે તે યમલાષ્ટકતન્ત્રમાં ઉલ્લિખિત ગાંધર્વવેદ એ શારદાતનયના ભાવપ્રકાશનમાં ઉલ્લિખિત નાટ્યવેદનો સંદર્ભ પ્રગટ કરતો નથી તેમજ ગાંધર્વવેદના વિષય-વસ્તુ પરત્વે દૃષ્ટિપાત કરતાં તે

સંગીતરત્નાકરને મળતો આવે છે. શારદાતનય જેને ષટસાહસ્ત્રી કહે છે તેજ ભરતમુનિ કૃત નાટયશાસ્ત્ર તેવું પ્રગટપણે ફલિત થતું નથી. અભિનવગુપ્ત, ધનિક, બહુરુપમિશ્રની દૃષ્ટિએ વર્તમાન નાટયશાસ્ત્રમાં છ હજાર શ્લોક છે એ વાત સાચી પણ એનાથી એવું ફલિત થતું નથી કે તેઓ ૬ હજાર શ્લોકવાળા નાટયશાસ્ત્ર સિવાયના ૧૨ હજાર શ્લોકવાળો દ્વાદશસાહસ્ત્રી સંહિતા કે નાટયવેદના અસ્તિત્વનો સ્વીકાર કરે છે. વસ્તુતઃ શારદાતનયના ભાવપ્રકાશનમાં પ્રસ્તુત સામગ્રી ધાર્મિક પક્ષપાતના ઘેરા રંગથી રંગાયેલી છે એવું જણાવી તેઓ, આદિભરત વૃદ્ધભરત કે સદાશિવભરત દ્વારા રચાયેલ નાટયવિષયક ગ્રંથનું વર્તમાન નાટયશાસ્ત્ર સંક્ષિપ્ત સ્વરુપ છે એવો મત કપોલકલ્પિત ( myth ) હોવાનું જણાવે છે અને નાટયશાસ્ત્રના કર્તા ભરતમુનિ નામની કોઇ ઐતિહાસિક વ્યકિત હોવાનું દૃઢપણે પ્રતિપાદિત કરે છે.[૪૩]

શ્રી મ.મ.કાણે, રાઘવભટ્ટ દ્વારા ઉલ્લિખિત આદિભરતના અવતરણોના સંદર્ભમાં જણાવે છે કે રાઘવભટ્ટ મૂલભરત અને સૂત્ર એવો નિર્દેશ પણ કરે છે. શ્રી કાણેનો, સૂત્ર ને મૂલભરત કે આદિભરત અને ભરતના વિષયમાં એવો અભિપ્રાય છે કે શ્લોકોની જુદી જુદી સંખ્યા ધરાવતી હાથ પ્રતો મળવાને કારણે આદિભરત અને ભરતની સંજ્ઞા આપવામાં આવી હોય.[૪૪]

શ્રી કે.કા.શાસ્ત્રી, શ્રી કાણેના મતને સાચો ગણે છે અને શ્રી રાઘવભટ્ટનો મૂલભરતથી ઇતર કોઇ ભરત કહેવાનો આશય નથી એમ જણાવી, આદિભરતની કોઇ વિશિષ્ટ કૃતિ પ્રસિદ્ધિમાં ન આવે ત્યાં સુધી આદિ ભરત, મુલભરત, ભરત એવો નામભેદ આપણને કોઇપણ અર્થ સારી આપે એમ લાગતું નથી એવું વિધાન કરે છે.[૪૫]

શ્રી એસ.કે.દે [૪૬] The problem of Bharat and Adibharat વિષયક લેખમાં એવા તારણ પર આવે છે કે આદિભરતમાંથી ટાંકવામાં આવેલા અવતરણોમાંથી મોટા ભાગના અવતરણો વર્તમાન નાટયશાસ્ત્રમાં એજ સ્વરુપે અથવા તેની સાથે સામ્ય ધરાવતાં મળી આવે છે. માયસોર ઓરીએન્ટલ લાયબ્રેરીમાંથી 'આદિભરતં શ્રી ભરતાચાર્ય પ્રણીતં' એમ વર્ણિત આદિભરતના નામે ચઢેલી જે હાથપ્રત મળી આવી છે

તે વસ્તુત: કોઇ પાછળથી લખાયેલ દક્ષિણ ભારતીય હસ્તપ્રત છે. શ્રી બાબુલાલ શુકલ શાસ્ત્રી[૪૭], આદિ અથવા વૃધ્ધ ભરતની રચનાઓ ઉત્તરકાળમાં પ્રચલિત થઇ જેમ કે મનસ્મૃતિ પછી વૃધ્ધ મનુ વગેરે. અને નાટયશાસ્ત્રમાં ભરત શબ્દનો અભિનેતા, સૂત્રધાર વિગેરે માટે પ્રયોગ થતો જોઇ કેટલાક અનુગામી આચાર્યોએ અનેક ભરત હોવાની શંકા વ્યકત કરી, ભરત શબ્દની આગળ આદિ અથવા વૃધ્ધ વિશેષણો લગાડવા માંડયા એવો અભિપ્રાય જણાવે છે. ડો. રઘુવંશ[૪૮] પણ આદિભરતમાંથી લીધેલા અવતરણો વર્તમાન નાટયશાસ્ત્રમાં મળી આવતાં હોવાથી તેમજ ભરતમાંથી અવતરણો ટાંકતી વખતે અધ્યાયનો સંદર્ભ આપવામાં આવ્યો છે પણ આદિભરત વખતે અપાયો ન હોવાથી વૃધ્ધ ભરત અને ભરત એવો ભેદ ઉત્તરકાળમાં પ્રચલિત થયો એવા મત સાથે સહમત થાય છે.

## નાટયશાસ્ત્ર: એક કર્તૃત્વ કે પછી સંયુકત કર્તૃત્વનું ફળ ?

કાવ્યમાળાની વાચનાને અંતે સમાપ્તશ્ચાયં (ગ્રન્થ:) નન્દિભરત સંગીતપુસ્તકમ્ એવું પ્રાપ્ત થાય છે. (અન્ય કોઇ આવૃત્તિ કે વાચનાને અંતે આવું કશું નથી) તેના આધારે કેટલાક વિદ્વાનો એમ માનવા પ્રેરાયા છે કે નાટયશાસ્ત્રના સંગીત વિષયક અધ્યાયોના કર્તા ભરતમુનિ અને નન્દી (નંદિકેશ્વર) બંને છે.[૪૯] કેટલાક, નાટયશાસ્ત્રમાં સંગીતવિષયક અધ્યાયોના કર્તા નન્દી હોવાનું અને તે નાટયશાસ્ત્રમાં પાછળથી ઉમેરાયા હોવાનું જણાવે છે તે માટે નન્દીની પરંપરાથી સંગીતશાસ્ત્રના અધિકારી આચાર્ય તરીકે સ્વીકૃતિ તેમજ નાટ્યમાં સંગીતની ઉપકારકતાને પ્રમાણ તરીકે ટાંકે છે.[૫૦] ડો.એસ.કે.દે. સંગીત વિષયક અધ્યાયો નંદિકેશ્વરનો સંગીતવિષયક વિચારણાને અનુકુળ રહી પાછળથી આમેજ થયા હોવાનું જણાવે છે.[૫૧] અભિનવગુપ્તે ચોથા અધ્યાયની ટીકામાં અંગહાર વિશે લખતાં નન્દિમતની નોંધ કરી છે. ના.શા.ના ૪થા અધ્યાયમાં મહાદેવ તણ્ડુને ભરતમુનિને અંગહારોનો પ્રયોગ કહેવા આજ્ઞા કરે છે. આ તણ્ડુ તે નન્દી એવો ખુલાસો અભિનવગુપ્ત કરે છે.[૫૨]

આખા નાટ્યશાસ્ત્રમાં કોઇ પણ સ્થળે નન્દી કે નન્દિકેશ્વરનો સંબંધ જણાતો નથી ને કાવ્યમાળાની મુદ્રિત વાચનાને અંતેજ આ વાક્ય છે. બીજી કોઇ પણ મુદ્રિત કે હસ્તલિખિત પ્રતને અંતે આવો ઉલ્લેખ નથી એટલે કેટલાક વિદ્વાનો ભરત અને નન્દિના સંયુકત કર્તૃત્વનો અસ્વીકાર કરે છે. શ્રી મનમોહન ઘોષ[53] આ સંદર્ભમાં એવી દલીલ કરે છે કે સંગીત શબ્દનો પ્રયોગ નાટ્યશાસ્ત્ર માં ખૂબ ઓછા પ્રમાણમાં થયો છે અને સંગીતનો અંતર્ગત ગીત, વાદ્ય તથા નૃત્ય ત્રણે અંગોનો સમાવેશ થતો હોઇ - કહેવું હોય તો આખા નાટ્યશાસ્ત્રને સંગીતશાસ્ત્ર કહેવું જોઇએ અને સંગીત ઉપર માત્ર નન્દી જ પ્રમાણભૂત લેખકછે એવું કયાંય પણ કહેલું જાણવામાં નથી. શ્રી કે.કા.શાસ્ત્રી[54] એવું મંતવ્ય ધરાવે છે કે કાવ્યમાળાની મૂળ વાચના જે હસ્તલિખિત પોથી ઉપરથી મેળવવામાં આવી હશે તે પોથીનો મૂળ માલિક કોઇ નન્દિ ભરત નામનો માણસ હશે જેણે આ સંગીતનું પુસ્તક છે એમ માની પોતાની પોથીની માલિકી બતાવવા પૂરતું' નન્દિ ભરત સંગીત પુસ્તકમ્' છુટે હાથે લખી નાખ્યું હશે. શ્રી કન્હૈયાલાલ પોદ્દારનું[55] એવું અનુમાન છે કે આમાં પ્રયુકત નન્દિ ભરત શબ્દનો અર્થ નન્દી અને ભરત નહીં પણ નન્દિશિષ્ય ભરત એવો થઇ શકે. શ્રી બાબુલાલ શુકલ શાસ્ત્રી[56] પણ નન્દીને ભરતનો શિષ્ય કહેવાનું વધારે યોગ્ય માને છે. ડો. શિવશરણ શર્મા[57] પણ તેને અશુધ્ધ પાઠ ગણી નન્દીને નાટ્યશાસ્ત્રના સહલેખક માનવું ખોટું વ્યાજબી ગણે છે. શ્રી વાચસ્પતિ ગૈરોલા,[58] પ્રસ્તુત પુષ્પિકાને આધારે કેટલાક વિદ્વાનો 'નાટ્યશાસ્ત્ર' ને નન્દિકેશ્વર કૃત અભિનયદર્પણ ના ઋણી માને છે તે યુકિતસંગત ન હોવાનું જણાવી નન્દિનો કોઇ ગ્રંથ ઉપલબ્ધ ન હોવાનું તેમજ અન્ય કોઇ પુરાણમાં નાટ્યશાસ્ત્ર ન હોવાનું પ્રમાણ ટાંકે છે.

શ્રી સુરેન્દ્રનાથ દીક્ષિત, નાટયશાસ્ત્રના અંતિમ અધ્યાયની એક મહત્વની પંકિતના પ્રયુકત અને પ્રણીત એવા બે પાઠભેદોને લીધે નાટ્યશાસ્ત્રના એક કર્તૃત્વ અને બહુકર્તૃત્વ જેવી બે વિભિન્ન વિચારસરણી ઉદ્ભવી હોવાનું જણાવે છે.[59] આ પંકિતમાં કોહલ, વાત્સ્ય, શાંડિલ્ય, ધૂર્તિલ આદિ એ આ શાસ્ત્રનું પ્રણયન/પ્રયોગ કર્યો હોવાનો ઉલેખ છે.

પ્રણીત પાઠ સ્વીકારવાથી કોહલ આદિ ભરતપુત્રોએ નાટ્યશાસ્ત્રનું પ્રણયન એટલે કે રચના કરી એવો અર્થ થાય છે અને પ્રયુકત પાઠ સ્વીકાર કરવાથી, તેઓએ નાટ્યશાસ્ત્રનો પ્રયોગ કર્યો એવો અર્થ ફલિત થાય છે. શ્રી દીક્ષિત શારદાતનયના ભાવપ્રકાશન પણ પ્રણીત પાઠની અસર હોવાનું જણાવે છે.[૫૯/૧]

શ્રી કે.કા.શાસ્ત્રી[૬૦] પ્રણીત પાઠનો સ્વીકાર કરી નાટ્યશાસ્ત્રને સંકલિત રચના માને છે. નાટ્યશાસ્ત્રના છઠ્ઠા અધ્યાયના આરંભમાંની કારિકાઓમાં બતાવાયેલા વિષય વિભાગને માટે અધ્યાયોનો ક્રમ જોઇએ તેવો વ્યવસ્થિત ન હોવાથી, ભરતના સંવાદની કારિકાઓને તારવી લેવામાં આવે અને નાટ્યવેદ કેમ મળ્યો - મુનિઓને કેમ શાપ થયો અને ભરતવંશ્યો ભ્રષ્ટ થયા ને ફરી તેમને નાટ્ય ભજવવાનો આદેશ થયો - એ વગેરે ભાગ નીકળી જતાં કોઇ ગ્રંથકારનું નામ અવિશિષ્ટ ભાગમાંથી મળી શકતું ન હોવાથી, ગદ્યભાગને ગ્રંથમાંથી જુદો તારવી લેવામાં આવે તો તેથી ગ્રંથને જરા પણ ક્ષતિ આવતી ન હોવાથી અને બાકીનું કોહલ કહેશે એવો છેલ્લા અધ્યાયમાં નિર્દેશ હોવાથી શ્રી કે.કા.શાસ્ત્રી નાટ્યશાસ્ત્ર એકજ ગ્રંથકારની કૃતિ છતાં પાછળથી એનું સંસ્કરણ ખૂબ જૂના સમયમાં થયું હોવાની સંભાવના વ્યકત કરે છે. પ્રાપ્ત થયેલી પ્રાચીન કારિકાઓનું પૌરાણિક પધ્ધતિએ સંકલન કરનાર કોહલ હોવાની અને એણે વત્સ, શાંડિલ્ય અને ધૂર્તિલની મદદથી નાટ્યશાસ્ત્રની રચના કરી હોવાની કે પછી બ્રહ્માએ ઉપદેશેલા નાટ્યશાસ્ત્રનો સ્વતંત્ર રીતે વિસ્તાર કોહલને હાથે થયો હોવાની ને ધૂર્તિલની પણ નાટ્ય અને સંગીત પર કોઇ સ્વતંત્ર રચના હોવાની અથવા તો પછી આ ચારે નાટયાચાર્યોએ મળી આ શાસ્ત્રનું પ્રણયન કર્યું એવી વિવિધ સંભાવનાઓ રજૂ કરી, અંતિમ અધ્યાયની આ પંકિત ઉપરથી સંયુકત-ગ્રંથકર્તૃત્વ ફલિત થતું હોવાનું સૂચવે છે.[૬૧] ના.શા.નો કર્તા કોઇ એક 'ભરત' નહિ

પણ કોહલ, વત્સ, શાંડિલ્ય અને ધૂર્તિલ જેવા ભરતો હોયઅને એઓની મળીને કરેલી સંકલના હોઇ શકે એવો શ્રી કે.કા.શાસ્ત્રીનો મત છે.

નાટ્યશાસ્ત્રનું આંતરિક સ્વરુપ, પ્રાચીન આચાર્યોના ગ્રંથોમાથી સંકલિત સ્વરુપે લેવામાં આવેલ પરંપરાગત આનુવંશ્ય કારિકાઓ તેમજ ભાષ્ય, કારિકા નિદર્શન, નિરુકત અને સંગ્રહ શબ્દો નાટયશાસ્ત્રના ક્રમિક વિકાસની અવસ્થાઓનું સૂચન કરતાં હોઇ કેટલાક વિદ્વાનો, કોઇ એકજ વ્યકિતએ, એકજ સમયે, વર્તમાન નાટયશાસ્ત્રની રચના કરી હોવાનું સ્વીકારતાં નથી.

શ્રી એસ.કે.દે [62] ના મત પ્રમાણે નાટયશાસ્ત્રનું આજનું સ્વરુપ, કોઇ એક સમય અથવા એક પ્રતિભાવાન વ્યકિતનું સર્જન નહિ, પણ, અનેક યુગોની બૌધિક પ્રતિભાઓની દેણગીનું ઐતિહાસિક પરિણામ છે. મૂળે ગધબધ્ધ નાટયસૂત્રો રુપે ગ્રંથની રચના થઇ હોવાનું અને પછી કાળક્રમે કારિકાઓ, ભાષ્ય અને આનુવંશ્ય શ્લોકો તેમાં ઉમેરાઇ વર્તમાન નાટયશાસ્ત્ર ઉપલબ્ધ થયું હોવાનું તેઓ જણાવે છે. શ્રી કાણે[63] રસસૂત્ર, સંગીત અને અભિનય વિષયક અધ્યાયો પ્રથમ રચાયા અને કાળક્રમે બીજા અધ્યાયો ઉમેરાયા હોવાની સંભાવના રજૂ કરે છે. શ્રી જી.કે.ભટ્[64] પણ વર્તમાન નાટયશાસ્ત્ર મૂળે સૂત્ર-વૃત્તિ સ્વરુપે અને થોડી આનુવંશ્ય કારિકાઓ સાથે લખાયો હોવાનું અનુમાન કરે છે. શ્રી કે.એમ.વર્મા[65] ભરત પુર્વે કોઇ અજ્ઞાત કર્તાદ્વારા સૂત્રો લખાયા, તે પછી અજ્ઞાત કર્તા દ્વારાજ તેના પર ભાષ્ય લખાયું અને ત્યાર પછી અજ્ઞાત કર્તા દ્વારા તેના પરના આનુવંશ્ય લખાયાં અને છેલ્લે ચોથા ક્રમે ભરતમુનિએ નાટયશાસ્ત્રની રચના કરી જેમાં સામાન્યાભિનય, વૈશિક ઉપચાર, પ્રકૃતિ, ચિત્રાભિનય, ભૂમિકાવિધાન, નટશાપ, નાટયાવતાર વિગેરે અધ્યાયો પાછળથી ઉમેરાયા હોવાનું જણાવી તે સિવાયના અધ્યાયોના કર્તા ભરતમુનિ હોવાનું સ્થાપિત કરે છે. શ્રી કે.કા. શાસ્ત્રી મૂળે ભરતમુનિ દ્વારા લખાયેલ ગ્રંથનું કોહલ વિ.શિષ્યો દ્વારા નવસંસ્કરણ થયું હોવાની સંભાવના પણ વ્યકત કરે છે.

## તા ર વ ણી

ભરત મુનિ અને નાટયશાસ્ત્રનું કર્તૃત્વ સંબંધી વિભિન્ન આચાર્યોના વિવિધ

મંતવ્યોનો અભ્યાસ કરવાથી આ સમગ્ર વિચારણાંના કેન્દ્રમાં ત્રણ પ્રશ્નો હોવાનું સ્પષ્ટ થાય છે.

(અ) ભરતમુનિ કોણ અને તેમના ઐતિહાસિક અસ્તિત્વનું કોઇ પ્રમાણ ખરું ?

(બ) ભરતમુનિએ, હાલ નાટયશાસ્ત્ર જે સ્વરુપમાં ઉપલબ્ધ છે તેજ સ્વરુપે રચ્યું ?

(ક) નાટયશાસ્ત્રનું વર્તમાન સ્વરુપ એકજ કર્તાની કલ્પના અને વિચારનું ફળ છે ?

(અ) (૧) નાટયશાસ્ત્રમાં બ્રહ્મા પાસેથી નાટયવેદ ગ્રહણ કરનાર, તેનું શિક્ષણ પોતાના સો પુત્રોને આપનાર, તણ્ડુ પાસેથી અંગહારનું શિક્ષણ મેળવનાર, નાટયમંડપના પ્રથમ પ્રવર્તક, વિવિધ રુપકોના પ્રયોક્તા તેમજ શાપમુક્તિમાં સહાય થનાર આચાર્ય તરીકે ભરતમુનિનો સ્પષ્ટ ઉલ્લેખ.

(૨) અભિનવગુપ્તનો નાટયશાસ્ત્રના કર્તા તરીકે ભરતમુનિનો અસંદિગ્ધપણે સ્વીકાર.

(૩) નાટયશાસ્ત્રના અનુગામી નાટયકારો તેમજ નાટયાચાર્યો દ્વારા ભરતમુનિનો નામોલ્લેખ.

(૪) નાટયશાસ્ત્રના કેન્દ્રમાં નાટય અને તેની આનુષંગિક કળાઓનીજ વિચારણાં.

(૫) નાટયશાસ્ત્રના કર્તા તરીકે ભરતમુનિ સિવાય અન્ય કોઇ આચાર્યનો ક્યાંય ઉલ્લેખ નથી.

આ મુદ્દાઓને આધારે પરંપરા, નાટયવિદ્યાના આચાર્ય તરીકે તેમજ નાટયશાસ્ત્રના કર્તા તરીકે ભરતમુનિનો સ્વીકાર કરે છે પણ આ ભરતમુનિ તે કોણ એ સિદ્ધ કરવા કોઇ ઐતિહાસિક પ્રમાણ નથી. ભરતમુનિના વ્યક્તિત્વ સંબંધી અનેક ધારણાઓ વ્યક્ત થઇ છે તેમાંથી : ભરત નામની વૈદિક આર્ય જાતિમાંથી ઉતરી આવવાને લીધે કે પછી બ્રહ્મા પાસેથી નાટયવેદ ધારણ કરવાને લીધે, નાટય વિદ્યાના આચાર્ય તરીકે તેઓ ભરતમુનિ કહેવાયા અને જેમ શિલાલિન દ્વારા પ્રવર્તિત નટસૂત્રોના આધારે અભિનય કરનારા શૈલૂષ કહેવાયા, કૃશાશ્વ દ્વારા રચિત નટસૂત્રોના આધારે અભિનય કરનારા જાયાજીવ કહેવાયા તેમ ભરત દ્વારા રચિત નાટયશાસ્ત્રના આધારે અભિનય કરનારા ભરત કહેવાયા હોય તે મત વધુ સ્વીકાર્ય બને છે.

(બ) નાટયશાસ્ત્ર હાલ જે સ્વરુપમાં ઉપલબ્ધ છે તેજ સ્વરુપમા ભરતમુનિએ રચ્યુ હોય તેવો સંભવ નથી . પાણિનિ દ્વારા ઉલ્લિખિત નટસૂત્રોની જેમ ભરતમુનિએ નાટયવિદ્યાના મુખ્ય સૂત્રો લખ્યા હોય અને નાટયકળાના વિકાસની સાથે સાથે નવી વિચારણાં આમેજ થતી ગઇ હોય અને એમ એનું સ્વરુપ બૃહદ થતું ગયું હોય એ વધારે તાર્કિક જણાય છે.

(ક) વર્તમાન નાટયશાસ્ત્ર સંગ્રહપણે કેવળ ભરતમુનિની કલ્પના અને વિચારનું ફળ હોવાનું નિ:શંકપણે ફલિત થતું નથી. કાળક્રમે અન્ય કર્તાઓને હાથે તેમાં સતત ઉમેરણ થતું રહયું હોય, પણ કયું મુળ લખાણ અને કયું ઉમેરણ એ જુદું તારવી આપવા સ્પષ્ટ ઐતિહાસિક પ્રમાણો નથી.

---


૧ નાટયશાસ્ત્ર અને આચાર્ય અભિનવગુપ્તાચાર્ય - શ્રી કે.કા.શાસ્ત્રી પૃ.૧૧

૨ અભિનવભારતી અધ્યાય ૧ પૃ.૭ (ગા.ઓ.સી.)

૩ ભરત ઔર ભારતીય નાટયકલા - શ્રી સુરેન્દ્રનાથ દીક્ષિત પૃ ૧૨

૪ ભરત નાટય મંજરી - શ્રી શ્રી.ડે.ભટ પૃ III

૫ ભારતીય નાટય પરમ્પરા ઔર અભિનયદર્પણ - વાચસ્પતિ ગૈરોલા.

૬ Drama in Sanskrit Literature-Adya Rangacharya.

૭ NATYASASTRA - Dr. Ravishankar Nagar

૮ Journal of Oriental Research Madras Vol. VI, VII

૯ Sanskrit Drama Its Origin and Decline I. Shekhar પૃ ૩૭/૪૦

૧૦ Concept of Ancient Indian Theatre : Page 8-11

૧૦ નાટયશાસ્ત્ર-પ્રદીપ ભા.૧ પ્રસ્તાવના પૃ.૧૭

૧૧ નાટયશાસ્ત્રના અંગ્રેજી અનુવાદની પ્રસ્તાવના પૃ.

૧૨ The Theatril Universe Pramod Kale પૃ.૭

૧૩ ના.શા.અધ્યાય ૧

૧૪ ના.શા.અધ્યાય ૧ નાટયશાસ્ત્ર પ્રદીપ પૃ.૧૭

૧૫ ના.શા.અધ્યાય ૨

૧૬ ના.શા.અધ્યાય ૩૬

૧૭ નાટયશાસ્ત્ર પ્રદીપની પ્રસ્તાવના પૃ.

૧૮ Seven Words in Bharata પૃ.

૧૯ આચાર્ય ભરત - ડો શિવશરણ શર્મા પૃ.૬

૨૦ નાટયશાસ્ત્રનો અંગ્રેજી અનુવાદ ભાગ-૨ પૃ. ૨૨૫

૨૧ એજન ના.શા.ના ૧૪-૬૫ તથા ૨૫-૮૮ થી ૯૧ પરની પાદટીપ

૨૨ એજન ના.શા.અધ્યાય ૨૫ શ્લોક ૯૧ પરની પાદટીપ

૨૩ ભરત ઔર ભારતીય નાટયકલા સુરેન્દ્રનાથ દીક્ષિત

૨૪ Seven Words in Bharata

૨૫ Drama in Sanskrit Literature - Adya Rangacharya
પૃ. ૨૮-૨૯

---

२६ વિક્રમોર્વશી અંક

२७ ભરત ઔર ભારતીય નાટયકલા - સુરેન્દ્રનાથ દીક્ષિત પૃ.૭

२८ ભવભૂતિકૃત ઉત્તરરામચરિત અંક ૪

२९ કુટ્ટનીમત શ્લોક ૧૨૩/૧૨૪

३० અભિનવભારતી પ્રથમ અધ્યાયની ૬ઠ્ઠી કારિકા નીચેની ટીકા
જુઓ હિન્દી અભિનવભારતી - આચાર્ય વિશ્વેશ્વર પૃ.૬૦

३१ હિન્દી અભિનવભારતી - આચાર્ય વિશ્વેશ્વર પૃ.૬૧

३२ Seven Words in Bharat

३३ અભિ.ભા.સહિતના ના.શા.પ્રથમ આ.ની પ્રસ્તાવના

३४ Monograph on Bharat Natya Shastra

३५ ભરત ઔર ભારતીય નાટ્યકલા પૃ.૧૦

३६ ભાવપ્રકાશન - ૧૦ અધિકાર શ્લોક ૭

३७ ભાવપ્રકાશન - ૨ અધિકાર શ્લોક ૨૫

३८ અભિનવભારતી સાથેના ના.શા.ના પ્રથમ ભાગની પ્રસ્તાવના

३९ હિન્દી અભિનવભારતીની પ્રસ્તાવના

४० ભરત ઔર ભારતીય નાટ્યકલા ૧૨

४१ Natyashastra ની પ્રસ્તાવના પૃ.૧૨

४२ Natyashastra- Dr. Nagar પૃ.૧૨

४३ Seven Words in Bharata - K.M.Verma પાન ૧૨૪-૧૨૯ સંકલિત

४४ History of Sanskrit Poetics

४५ નાટ્યશાસ્ત્ર અને આચાર્ય અભિનવગુપ્તાચાર્ય પૃ.૨૯

४६ Some Problems of Sanskrit Poetics પૃ.

४७ નાટ્યશાસ્ત્ર પ્રદીપ ભાગ-૧ પૃ.૧૮

४८ ભરત કૃત નાટ્યશાસ્ત્રની પ્રસ્તાવના

४९ The Theatree Universe Pramod Kale પૃ.૮

५० Natya Sastra of Bharat Muni Dr. R. S. Nagar પૃ.૧૩

५१ History of Sanskrit Poetics : Dr. S.K.De પૃ.૨૦

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -


૫૨ અભિનવભારતી પૃ.

૫૩ અંગ્રેજી અનુવાદની પ્રસ્તાવના

૫૪ નાટ્યશાસ્ત્ર અને આચાર્ય અભિનવગુપ્તાચાર્ય પૃ. ૬૩

૫૫ સંસ્કૃત સાહિત્યકા ઈતિહાસ પૃ.૩૫

૫૬ નાટ્યશાસ્ત્ર - પ્રદીપ ભાગ-૧ પૃ.

૫૭ આચાર્ય ભરત પૃ.

૫૮ ભારતીય નાટ્ય પરંપરા ઔર અભિનયદર્પણ પૃ.૩૯

૫૯ ભરત ઔર ભારતીય નાટ્યકલા પૃ.૧૦

૫૯/૧ એજન પૃ.૧૦

૬૦ નાટ્યશાસ્ત્ર અને આચાર્ય અભિનવગુપ્તાચાર્ય પૃ.૬૪ થી ૭૦ પરથી સંકલિત

૬૧ નાટ્યશાસ્ત્ર અને આચાર્ય અભિનવગુપ્તાચાર્ય પૃ.

૬૨ Sanskrit Poetics પૃ. ૨૫-૨૭

૬૩ History of Sanskrit Poetics

૬૪ ભરત નાટ્ય મંજરી

૬૫ Seven Words in Bharata - પૃ. ૮૮ અને ૧૦૬